અસ્થાયી નિવાસના સંચાલકો

# MAનાં સુરક્ષાનાં ધોરણો


"અસ્થાયી નિવાસ"માં હોટેલ, મોટેલ, વિશ્રામગૃહ, બેડ અને સવારના નાસ્તા સાથેના નિવાસ અને અન્ય તમામ ટૂંકા ગાળાના નિવાસી રેન્ટલનો સમાવેશ થાય છે, જેમાં Airbnb અને VRBO જેવાં ઑનલાઇન હોસ્ટિંગ પ્લેટફૉર્મ દ્વારા ગોઠવવામાં આવતી વ્યવસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

ઑન-સાઇટ રેસ્ટોરાં, પૂલ્સ, જીમ, સ્પા, ઇવન્ટ વૅન્યૂ (બૉલરૂમ, બેઠકખંડો) વગેરે), ગૉલ્ફ કોર્સ અને અન્ય સુવિધાઓ કે જે અસ્થાયી નિવાસ સાથે આવેલી હોય તે જ માત્ર સંચાલન કરી શકશે, કારણ કે આ વર્ગો કોમનવેલ્થમાં અન્યત્ર ઑપરેટ કરવા માટે અધિકૃત છે અને તે COVID-19ના સુરક્ષાના નિયમોને આધીન છે, જે એ જ પ્રકારની સ્વતંત્ર સુવિધાઓને લાગુ પડે છે. આ વિભાગ માટેના વિશિષ્ટ સુરક્ષાનાં ધોરણોની સમીક્ષા કરવા માટે અસ્થાયી નિવાસના સંચાલકો મેસાચુસેટ્સ રિઓપનિંગ વેબસાઇટ જુએ તે જરૂરી છે.

લોજિંગ ઓપરેટર્સે કોમનવેલ્થના current travel order મુજબ અતિથિઓના રિઝર્વેશન અને ચેક-ઇન કરાવવાના એમ બંને સમયે જાણ કરવી આવશ્યક છે તથા અતિથિઓના આગમન બાદ તેમના કોવિડ પરિક્ષણનું પરિણામ નેગેટિવ ન આવે ત્યાં સુધી, અથવા અમુક મર્યાદિત અપવાદો સિવાય તેમને ચૌદ દિવસ માટે ક્વોરન્ટાઇન કરાવવાની જવાબદારી ઓપરેટર્સની છે. લોજિંગ ઓપરેટર્સને રાજ્ય બહારના પ્રવાસીઓ માટે આવશ્યકતાઓ અંગેની માહિતી તેમની વેબસાઈટ ઉપર અને ચેક-ઇન પર પોસ્ટ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

સ્ટાફ વિનાની વ્યક્તિગત યૂનિટ જેવી અસ્થાયી નિવાસની સુવિધાઓના સંચાલકો, જેમ કે ટૂંકા ગાળાનું ઘર અથવા ભાડે અપાતાં અપાર્ટમેન્ટ વગેરે સફાઈની આવશ્યકતાઓ અને રેન્ટલની વચ્ચે અલગતાના લઘુત્તમ સમયગાળા સહિત નીચે સૂચવેલાં સ્વચ્છતાનાં ધોરણોનું પાલન કરે તે જરૂરી છે.

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




**સામાજીક અંતર**

પ્રત્યેક સુવિધા ગ્રાહકના પ્રવેશ અને ઍક્ઝિટ પર નજર રાખે તથા નીચેનામાંથી જે વધારે હોય તે પ્રમાણે સામાન્ય વિસ્તારો (ગેસ્ટ રૂમોના સમાવેશ વિના)માં તમામ સમયે હાજર વ્યક્તિઓની સંખ્યા મર્યાદિત રાખે તે અનિવાર્ય બનશે:

- મ્યુનિસિપલ બિલ્ડિંગ વિભાગ અથવા અન્ય મ્યુનિસિપલ રેકૉર્ડ હોલ્ડર સાથે રેકૉર્ડ પર હોય એવી કબ્જાની પરમિટમાં જણાવ્યા પ્રમાણે જે તે જગ્યામાં મહત્તમ માણસો રહી શકે તે અંગે જગ્યાની ક્ષમતાના 50% જેટલા લોકો જ હાજર રહી શકશે
- જેના માટે હાજર વ્યક્તિઓની મર્યાદા અંગેની કોઈ મંજૂરી રેકૉર્ડ પર ન હોય એવી જગ્યાઓ ઍક્સેસિબલ સ્પેસના 1,000 ચોરસ ફીટ દીઠ 10 વ્યક્તિઓ (સ્ટાફ સહિત)ને મંજૂરી આપી શકશે
- કોઈ પણ સ્થિતિમાં સુવિધાની અંદરની બંધ જગ્યામાં 1,000 ચોરસ ફીટ દીઠ 10થી વધુ વ્યક્તિઓ હાજર રહી શકશે નહિ
- તમામ હાજર વ્યક્તિઓ અને ગણતરીઓમાં ગ્રાહકો, સ્ટાફ અને અન્ય કામદારોનો સમાવેશ થશે

વ્યક્તિઓ વચ્ચે 6 ફૂટ કે વધુના અંતરની ખાતરી કરો, સિવાય કે તેનાથી સુરક્ષાનું જોખમ ઊભું થતું હોય

- કામદાર અને મહેમાન માટેની સામાન્ય જગ્યાઓ અને વધુ ગીચતાવાળાં ક્ષેત્રો, જ્યાં કામદારો અથવા મહેમાનો ભેગા થવાની શક્યતા હોય (દા.ત., બ્રેક રૂમ, ભોજનનો વિસ્તાર, બેઠક વિસ્તાર, વ્યાપારી કેન્દ્રો, દ્વારપાલ સેવા ક્ષેત્રો, લૉબીઝ/ફ્રન્ટ ડૅસ્ક ચેક-ઇન) તે બંધ કરો અથવા તેની રચના ફરીથી કરો, જેથી 6 ફૂટનું શારીરિક અંતર શક્ય બને
- જો શક્ય હોય તો ઑફિસની જગ્યાઓ, વર્કસ્ટેશનો અથવા ક્યૂબિકલ્સની ફરીથી રચના કરો, જેથી કાર્યસ્થળોમાં ઓછામાં ઓછા છ ફીટનું શારીરિક અંતર જાળવવું શક્ય બને
- જે વર્કસ્ટેશનો વચ્ચે જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઈએ; પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઈએ.
- જ્યાં શક્ય હોય ત્યાં ચેકઆઉટ સ્ટેશનો માટે ભૌતિક પાર્ટિશન બેસાડો (દા.ત. ફ્રંટ ડૅસ્ક), અન્યથા જ્યાં શક્ય ન હોય ત્યાં 6 ફૂટનું અંતર જાળવો
- ફર્શ પર સેપરેશન માર્કર્સ ઇન્સ્ટૉલ કરીને અને અન્યથા લૉબી અને ફ્રન્ટ ડૅસ્ક વિસ્તારોમાં ભીડ થવાની શક્યતાઓ મર્યાદિત કરીને ચેક ઇન અને ચેકઆઉટના સમય દરમિયાન મહેમાનો માટે 6 ફીટ કે તેથી વધુના અંતરની વ્યવસ્થા કરો
- 6 ફૂટનું અંતર સૂચવવા માટે સામાન્ય રૂમો અને હૉલવે પર નિશાન કરો

છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રાખો

હૉલવે અને સામાન્ય વિસ્તારોની અંદર હોવા દરમિયાન બધા કામદારો અને મહેમાનો માટે ફેસ કવરિંગ જરૂરી બનાવો, સિવાય કે વ્યક્તિ રોગ કે વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય

મહેમાનોએ એવા દરવાજાઓથી પ્રવેશ કરવો જોઈએ જે આવનજાવન દરમિયાન ખુલ્લાં જ રહે અને શક્ય હોય તો ઑટોમેટેડ હોય અથવા એવા કામદાર દ્વારા તેનું હાથેથી સંચાલન થતું હોય જે અવારનવાર પોતાના હાથ ધોતા હોય અને/અથવા યોગ્ય હેન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરતા હોય

સંપર્ક ઓછો કરવા માટે ફૂટ ટ્રાફિક માટે મહેમાનોનો પ્રવાહ નિયંત્રિત કરવા માટે દિશાસૂચક ગલિયારા તૈયાર કરો (દા.ત. રૂમોમાં વન-વે પ્રવેશદ્વાર અને ઍક્ઝિટ, વન-વે ગલિયારા). આ નીતિઓ વિશે સ્પષ્ટ રીતે દેખાય એવાં પાટિયાં મૂકો

લિફ્ટમાં જતી વ્યક્તિઓની સંખ્યા મર્યાદિત કરો, જેથી સામાજિક અંતર જાળવવું શક્ય બને અને ફેસ કવરિંગનો ઉપયોગ કરવામાં આવે તેની ખાતરી કરો. આ આવશ્યકતાઓ અંગે જાણ કરવા માટે જાહેરાતનાં પાટિયાંનો ઉપયોગ કરો

કામદારો હસ્તધૂનન તથા જેનાથી શારીરિક અંતરનું ઉલ્લંઘન થતું હોય એવાં સમાન અભિવાદન ટાળે તે આવશ્યક બનાવો

કામદારોએ કાર કે ટૅક્સીના દરવાજા ખોલવા ન જોઈએ. વેલેટ પાર્કિંગની કામગીરી ટાળવી જોઈએ, સિવાય કે કોઈ એકલદોકલ મહેમાન વિકલાંગ હોવાના કારણે તેમને સમાવવા માટે શારીરિક કે ભૌગોલિક મર્યાદાને કારણે તેમ કરવું જરૂરી બને

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

કામના કલાકો દરમિયાન 10 કે વધુ કામદારોને જમા થવા દેવાનું ટાળો

ચૂકવણીની સંપર્કરહિત પદ્ધતિઓ માટે આગ્રહ કરવામાં આવે છે

અસ્થાયી નિવાસના સંચાલકો

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો



### આરોગ્ય પ્રોટોકોલ્સ

સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઈ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઈ શકે

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

કામદારો હાથ ધુએ અથવા હેન્ડ સૅનિટાઇઝર્સનો અવારનવાર ઉપયોગ કરે તે જરૂરી બનાવો

કામદારો અને મહેમાનોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં (ઘરની આગળ અને પાછળના ભાગે) દેખાય એવી રીતે પોસ્ટરો મૂકો

મહેમાન અને કામદારના ઉપયોગ માટે સમગ્ર સુવિધા દરમિયાન સાર્વજનિક ક્ષેત્રોમાં હેન્ડ સૅનિટાઇઝર પૂરું પાડો


શક્ય તેટલી હદે કામદારો વચ્ચે હેન્ડહેલ્ડ ઉપકરણ, ફોન, ડેસ્ક, વર્કસ્ટેશન અને અન્ય સાધનો તથા ઉપકરણોનો એકબીજા દ્વારા ઉપયોગ મર્યાદિત કરો

પ્રત્યેક શિફ્ટ પહેલાં, દરમિયાન કે પછી અથવા ઉપકરણ કામદારને ટ્રાન્સફર કરવામાં આવે એવા કોઈ પણ સમયે કોઈ પણ સહિયારા ઉપકરણને સૅનિટાઇઝ કરવું જોઈએ

લૉબીમાં સહિયારા ખોરાક અને પીણાનાં ઉપકરણના ઉપયોગને બંધ કરો (સહિયારા કૉફી બ્રૂઅર્સ સહિત). હાથેથી સંચાલિત આઇસ મશીનો બંધ કરો અથવા હેન્ડ્ઝ ફ્રી મશીનોનો ઉપયોગ કરો

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

પોર્ટેબલ ઉચ્ચ કાર્યક્ષમતા સાથેનાં એઅર ક્લીનર્સ બેસાડવા અંગે વિચાર કરો, બિલ્ડિંગના એઅર ફિલ્ટર્સનું શક્ય તેટલી વધુ કાર્યક્ષમતા સાથે નવીનીકરણ કરો અને ઑફિસો, મહેમાન માટેના ખંડો અને અન્ય જગ્યાઓમાં બહારની હવા અને હવાઉજાસની માત્રા વધારવા માટે અન્ય ફેરફારો કરવા વિશે વિચાર કરો



### સ્ટાફ અને કામગીરીઓ

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- એ વાત ફરીથી દૃઢતાથી કહો કે જેઓ બિમાર હોય એવા કામદારો કામ પર આવી શકશે નહિ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

સુવિધાકેન્દ્રોએ નીચેની બાબતો સુનિશ્ચિત કરીને પ્રત્યેક શિફ્ટ પર કામદારોનું સ્ક્રીનિંગ કરવું જોઈએ:

- કામદાર તાવ (100.0 અને તેથી વધુ) અથવા ટાઢ, ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ/શરીરનો દુખાવો, નાક દદડવું/નાક જામ થવું, સ્વાદ કે ગંધની ક્ષમતા નવેસરથી જવી અથવા ઊબકા, ઊલટી કે ઝાડા જેવાં કોઈ લક્ષણો અનુભવતા ન હોય
- કામદાર COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા ન હોય. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને 15 મિનિટ કે વધુ સમય થયો હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શેઅર કરવાં, તેમના પર કોઈએ ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું
- પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વોરન્ટીન થવા માટે કામદારને કહેવામાં આવ્યું ન હોય
- ઉપરના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જતા કામદારોને ઘરે મોકલવાના રહેશે

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ઍન્ટ્રી પૉઇન્ટ્સ પર ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમોનો મહત્તમ ઉપયોગ કરો)

જરૂરી હોય તો કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને મહેમાનોની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)

કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ ઘરે રહે તે જરૂરી છે

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાના ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને મહેમાનોને નોટિસ પોસ્ટ કરવી

હાલમાં કામના કલાકો સિવાય સૅનિટેશન અને સફાઈ શક્ય બનાવવા માટે અસ્થાયી નિવાસનાં સુવિધાકેન્દ્રોએ કામકાજના કલાકો જાળવવા જોઈએ

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ

છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રહે તેની ખાતરી કરો

સામાજિક અંતર જળવાઈ શકે તે માટે તાલીમ અને ઑનબૉર્ડિંગની પ્રક્રિયામાં ફેરફાર કરો, શક્ય હોય તો તે દૂરથી કરો

શિફ્ટ પૂર્વેની રોજિંદી બેઠકો વર્ચ્યુઅલ રીતે કરવાની રહેશે અથવા જ્યાં સામાજિક અંતર જળવાઈ શકે એવા વિસ્તારોમાં કરવી જોઈએ

કિઓસ્ક, ટૅબ્લેટ્સ, પૅન, ક્રેડિટ કાર્ડ્ઝ, રસીદો અને ચાવીઓ જેવી સહિયારા સ્પર્શની સપાટીઓ શક્ય તેટલી ઓછી કરો

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે

અસ્થાયી નિવાસના સંચાલકો

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો



સ્ટાફ અને કામગીરીઓ

ગેસ્ટ રૂમ સેવા, લૉન્ડ્રી અને ડ્રાય ક્લીનિંગ સેવાઓ અને સુવિધાઓની ડિલિવરી સંપર્કરહિત પિક-અપ અને ડિલિવરીના પ્રોટોકૉલ્સનો ઉપયોગ કરીને ઉપલબ્ધ કરાવવી જોઈએ

અનાવશ્યક સુવિધાઓ (મહેમાનને દેખાય તે રીતે પાણી અથવા કૉફીની સુવિધાઓ, કોટ રૂમો વગેરે) સાર્વજનિક જગ્યાઓમાંથી દૂર કરો

મહેમાનની રૂમોમાં પેપરની સુવિધાઓ દૂર કરો અથવા મર્યાદિત કરો. પૅન, પેપર અને મહેમાનની ડિરેક્ટરી, સામયિકો અને પત્રિકાઓ દૂર કરો; ડિજિટલ મટીરિયલ વડે તેની આપૂર્તિ કરો અથવા વિનંતી કરવા પર મટીરિયલ ઉપલબ્ધ કરાવો

સાઇટ પરની વધારાની સુવિધાઓ અને સેવાઓ ત્યારે જ ખૂલી શકે અને ઑપરેટ કરી શકે, જ્યારે તે સુવિધાઓ અથવા સેવાઓને અન્યથા કૉમનવેલ્થના તબક્કાવાર રિઓપનિંગ પ્લાન હેઠળ ઑપરેટ કરવાની મંજૂરી મળી હોય અને ત્યારબાદ સુવિધા કે સેવાને લાગુ પડતા તમામ સૅક્ટરના સુરક્ષાના વિશિષ્ટ પ્રોટોકૉલ્સ કે જે રિઓપનિંગ પ્લાનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનું પાલન કરે તે અનિવાર્ય છે.  ઉદાહરણોમાં આનો સમાવેશ થાય છે:

- રેસ્ટોરાં અને કૅફે: રેસ્ટોરાંના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- ભેટની દુકાનો: રિટેઇલ માટેના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- જીમ્સ: ફિટનેસ માટેના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- પૂલ: પૂલ માટેના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- સ્પા: ઘનિષ્ઠ સંપર્ક થતો હોય એવા વ્યાપારના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- ગૉલ્ફ કોર્સ: ગૉલ્ફ માટેના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- ખાનગી પ્રસંગો: ઇન્ડોર અને આઉટડોર પ્રસંગ માટે નવીનતમ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે

### ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઈ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે કામદારોને ભારે આગ્રહ કરવામાં આવે છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઈ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

બહાર વિરામની પરવાનગી આપો, જેથી શક્ય હોય તો સામાજિક અંતર શક્ય બનાવી શકાય



સફાઈ અને રોગાણુનાશન

રેસ્ટરૂમોમાં સામાન્યપણે સ્પર્શવામાં આવતી સપાટીઓ (દા.ત. ટૉઇલેટ સીટ્સ, ડોરનૉબ, સ્ટૉલ હૅન્ડલો, સિંક, પેપર ટુવાલ ડિસ્પેન્સર, સોપ ડિસ્પેન્સર)ને અવારનવાર અને CDCના નિર્દેશો અનુસાર સાફ કરો

લૉજિંગ સાઇટના બધા કૉમન વિસ્તારોમાં સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા અવારનવાર કરો (જો અસ્થાયી નિવાસમાં મહેમાનની એકથી વધુ રૂમો હોય તો દિવસમાં એકથી વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઈના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઈની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, રોલિંગ કાર્ટ, લૉબી)

મહેમાનને COVID-19નો કેસ હોવાનું અનુમાન હોય અથવા પૉઝિટિવ કેસ હોય તો એવા મહેમાન દ્વારા ઉપયોગમાં લેવાયેલી રૂમ CDCના નિર્દેશો અનુસાર સૅનિટાઇઝેશનના વિશિષ્ટ પ્રોટોકૉલમાંથી પસાર થયા બાદ જ સર્વિસમાં પરત ઉપયોગમાં લઈ શકાશે

મહેમાન ચેક આઉટ કરે તે વખતે અને નવા મહેમાનને પ્રવેશ આપવામાં આવે તે પહેલાં પ્રત્યેક સમયે ઓછામાં ઓછી એક વખત બધી સખ્ત સપાટીઓની સફાઈ અને સૅનિટાઇઝેશન કરીને રૂમમાં વધારાના સૅનિટેશન પર અમલ કરો અને તમામ ચાદરો, બેડસ્પ્રેડ અને કવરો ધુઓ

ગંદી ચાદરો દૂર કરીને ગેસ્ટ રૂમોમાંથી એક વખત વપરાશ માટેની સીલબંધ બૅગોમાં લઈ જવી જોઈએ અને ગેસ્ટ રૂમની પથારીઓ પરનાં પિલો પ્રોટેક્ટર્સ પ્રત્યેક મહેમાનની આવનજાવન વચ્ચે ઓછામાં ઓછા એક વખત બદલવા જોઈએ. ગેસ્ટ રૂમમાં આ વસ્તુઓને બૅગમાં ભરવી જોઈએ, જેથી તે લઈ જવા દરમિયાન વધારાના સંપર્કની શક્યતા દૂર કરી શકાય. પથારીની તમામ ચાદરો અને લૉન્ડ્રીને ઉચ્ચ તાપમાને ધોવાં જોઈએ અને CDCના નિર્દેશો અનુસાર ધોવાં જોઈએ

જ્યારે મહેમાન પોતે રૂમમાં સદેહે હાજર હોય ત્યારે હાઉસકીપિંગ સ્ટાફે ગેસ્ટ રૂમમાં પ્રવેશ કરવો જોઈએ નહિ, સિવાય કે મહેમાન તરફથી ખાસ વિનંતી કરવામાં આવેલ હોય; હાઉસકીપિંગ સ્ટાફે અન્યથા રૂમોની સર્વિસ ત્યારે જ કરવી જોઈએ જ્યારે મહેમાનો હાજર ન હોય અને મહેમાનની વ્યક્તિગત વસ્તુઓ સાથેનો સંસર્ગ શક્ય તેટલો ઓછો રાખવો જોઈએ; હાઉસકીપર્સે હવાની અવરજવર વધારવા માટે જ્યારે શક્ય હોય ત્યારે મહેમાન માટેના ખંડોમાં દરવાજા અને બારીઓ ખુલ્લાં રાખવાં જોઈએ

### ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો

જ્યાં શક્ય હોય ત્યાં સામાન્ય જગ્યાઓમાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો

સમગ્ર દિવસ દરમિયાન સમયાંતરે જેની સફાઈ થવાની હોય એવા હોટલના સમગ્ર વિસ્તારોમાં સફાઈની "કિટ્સ" (સફાઈના પુરવઠા સાથેનાં પૉર્ટેબલ પાત્રો) ઉપલબ્ધ કરાવવા વિશે વિચાર કરો

પ્રત્યેક પ્રસ્થાન બાદ સફાઈના પ્રોટોકૉલના ભાગરૂપે 24 કલાક માટે ગેસ્ટ રૂમો ખાલી છોડવા અંગે વિચાર કરો, જેથી ઊંડી સફાઈ થઈ શકે, ડિસઇન્ફેક્ટન્ટ અને ક્લીનર્સને સૂકાવાનો સમય મળે અને હવાની વાજબી અવરજવર થઈ શકે

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે